સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટેની બેઠકો નક્કી કરવા માટે સમર્પિત આયોગની રચના બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૨૨/GOI-2/અ

સચિવાલય,ગાંધીનગર.

તા.૦૮/૦૭/૨૦૨૨

સંદર્ભ:-

(૧) નામ. સુપ્રીમ કોર્ટે રીટ પીટીશન (સિવિલ) નં. ૯૮૦/૨૦૧૯ વિકાસ કિશનરાવ ગવલી વિ. મહારાષ્ટ્ર રાજ્ય તથા અન્યના કેસમાં આપેલ તા.૦૪/૦૩/૨૦૨૧નો ચૂકાદો

(૨) નામ. સુપ્રીમ કોર્ટે સ્પેશિયલ લીવ પીટીશન ટુ અપીલ (સિવિલ) નં. ૧૯૭૫૬/૨૦૨૧ રાહુલ રમેશ વાઘ વિ. મહારાષ્ટ્ર સરકારના કેસમાં આપેલ તા.૧૭/૧૨/૨૦૨૧નો ચૂકાદો

(૩) નામ. સુપ્રીમ કોર્ટે રીટ પીટીશન (સિવિલ) નં. ૨૭૮/૨૦૨૨ સુરેશ મહાજન વિ. મધ્યપ્રદેશ સરકારના કેસમાં આપેલ તા.૧૦/૦૫/૨૦૨૨નો ચૂકાદો

આમુખ:

ભારત સરકારે બંધારણના ૭૩મા અને ૭૪મા સુધારાથી અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ/પછાત વર્ગો અને મહિલાઓ માટે પંચાયતી રાજ સંસ્થાઓ અને શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અનામત માટેની જોગવાઈઓ દાખલ કરી છે. જે અંતર્ગત ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩, ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ તેમજ ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ-૧૯૪૯ હેઠળ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને અનામત આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

નામ. સુપ્રીમ કોર્ટના વંચાણે લીધેલ ઉપરના ચૂકાદાઓ અન્વયે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં અન્ય પછાત વર્ગો માટે બેઠકો અનામત રાખવા બાબતે "ટ્રીપલ ટેસ્ટ"ની કાર્યવાહી કરવા નિર્દેશ આપેલ છે. જે મુજબ રાજ્યની અંદર, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ માટે પછાતપણાના સ્વરૂપ અને અસરો અંગે સંપૂર્ણ અને કાળજીપૂર્વક તપાસ કરવા માટે એક સમર્પિત આયોગની સ્થાપના કરવા નિર્દેશ આપેલ છે. **(To set up a dedicated Commission to conduct contemporaneous rigorous empirical inquiry into the nature and implications of the backwardness qua local bodies, within the State)**

ઠરાવ:

નામ. સુપ્રીમ કોર્ટના વંચાણમાં લીધેલ ચૂકાદાઓના નિર્દેશ અનુસાર આયોગની રચના અંગે કાળજીપૂર્વકની વિચારણાના અંતે, નામ. હાઈકોર્ટના નિવૃત ન્યાયધીશશ્રી કે. એસ. ઝવેરીના અધ્યક્ષસ્થાને "સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટેની બેઠકો નક્કી કરવા માટે સમર્પિત આયોગ"ની રચના કરવાનું સરકારશ્રી આથી ઠરાવે છે.

આ આયોગના અન્ય સભ્યો તથા આયોગના ટર્મ્સ ઓફ રેફરન્સ હવે પછી નક્કી કરવામાં આવશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર. જે. ખરાડી)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. અધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- રાજ્ય ચૂંટણી કમિશનરશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. રા.ક. મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- શ્રી કે. એસ. ઝવેરી, નામ. હાઈકોર્ટના નિવૃત ન્યાયધીશશ્રી (કાયદા વિભાગ મારફતે)
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, , ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. /- સદરહુ ઠરાવને વિભાગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવાના હેતુસર.
- સિલેક્ટ ફાઈલ